


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ | જૂન - ૨૦૨૨ | પત્ર - ૧૦૬


## 'ફાધર્સ ડે'

કુટુંબમાં પિતાનું સ્થાન સન્માનને પાત્ર છે. બાળકોને શિક્ષણ આપવામાં અને સંભાળ લેવામાં તેમનો ફાળો ખૂબ મોટો હોય છે. સર્વ બાળકોએ પિતાએ તેમના માટે જે ફાળો આપેલ છે તેનું મહત્ત્વ સમજી અને પિતાનું સન્માન કરવું જોઈએ.

પવિત્રશાસ્ત્રમાં ઘણા પિતાઓના પાત્ર અને બાળકોએ પોતાના પિતા માટે આપેલ સાક્ષી પરથી આપણે પિતાના બાળકો માટેના પ્રેમને સમજી શકીએ છીએ. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં પણ પિતાને સન્માન આપવાની બાબત જણાવે છે.

ન્યાયાધીશો ૧૩:૮માં માનોઆહે પ્રભુને વિનંતી કરે છે કે જે છોકરો જન્મશે તેના વિષે અમારે શું કરવું તે અમને શીખવ. પિતાની પોતાના બાળકની સંભાળ લેવા માટેની ચિંતા દર્શાવવામાં આવેલી છે. પિતાઓની શરૂઆતથી જ પોતાના બાળકો માટેની આવી ચિંતાઓ હોય છે. ઉત્પત્તિ ૪:૨૬માં શેથને દીકરો અનોશ થયો ત્યારે લોક યહોવાને નામે પ્રાર્થના કરવા લાગ્યા. બાળકના જન્મ સમયે પ્રભુનું સ્મરણ, ભજન અને પ્રાર્થના કરવા જોવા મળે છે. બાળક માટે પ્રભુનો આભાર માનતાં આશીર્વાદ માગવાની બાબત જોઈ શકાય છે.

ઉત્પત્તિ ૩૭:૧-૪માં યુસુફ તેના બાપ યાકુબની સાથે જોવા મળે છે. યાકુબ તેના પર વિશેષ પ્રીતિ કરે છે. આ યુસુફ એના જીવનમાં ઘણા દુઃખો, સંઘર્ષ, મુશ્કેલીઓમાં પસાર થાય છે છતાં તે પ્રભુને વળગી રહે છે. ઉત્પત્તિ ૩૯:૯માં યુસુફ પરિક્ષણમાં આવે છે ત્યારે કહે છે કે હું દેવનો અપરાધી કેમ થાઉં? આવું શિક્ષણ અને સમજ યુસફને ક્યાંથી મળ્યું હશે? યુસફને તેના બાપની સાથે રહેવાથી આવું શિક્ષણ મળ્યું હશે. પિતા બાળકને આવું શિક્ષણ આપનાર હોય છે.

હિબ્રુ ૧૧:૨૩માં મૂસાના બા-બાપે વિશ્વાસથી મૂસાને ૩ મહિના સુધી સંતાડી રાખ્યો. પિતા પોતાના બાળકોને દરેક પ્રકારની દુષ્ટ બાબતોથી હંમેશા સંતાડી રાખવા એટલે કે જગત અને જગતની બાબતોથી, પ્રભુથી દૂર લઈ જતી બાબતોથી સંભાળી રાખવા પ્રયત્નો કરે છે.

નીતિવચનો ૪:૩-૪ વચનમાં સુલેમાન પોતે સાક્ષી આપે છે. હું મારા બાપનો માનીતો દીકરો હતો અને તેણે મને શિક્ષણ આપ્યું.

ઉપરોક્ત સર્વ બાબતોમાં પિતા એ ચિંતા રાખનાર, પ્રાર્થના કરનાર અને આશીર્વાદ આપનાર, સર્વ જગીક બાબતોથી સંભાળી રાખનાર તેમજ શિક્ષણ આપનાર છે. પિતાનું સન્માન કરવું જોઈએ.

## BIRTHDATE IN JUNE

| | |
|---|---|
| ૧/૬ | હેમલત્તાબહેન શરદકુમાર વાઘેલા |
| ૨/૬ | શ્રેયા પી. અમીન |
| ૩/૬ | સ્મિતાબહેન જેમ્સ ક્રિશ્ચિયન |
| ૩/૬ | ભારતી એ. ક્રિશ્ચિયન |
| ૫/૬ | ખ્રિસ્તી મેરેલીન ઈમાનુએલ |
| ૬/૬ | બ્રાયન ડી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૧૧/૬ | સુજન નોએલ ક્રિશ્ચિયન |
| ૧૫/૬ | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી |
| ૧૬/૬ | સિલીયાબહેન એસ. મેકવાન |
| ૧૬/૬ | તનય એસ. વાઘેલા |
| ૧૭/૬ | ખ્રિસ્તી મોનીકા ઈમાનુએલ |
| ૨૦/૬ | ચિરાગભાઈ જી. વરસડા |
| ૨૦/૬ | ઈન્દુબહેન કે. વિશ્રામ |
| ૨૦/૬ | લિન્યસભાઈ એસ. પેલમોર |
| ૨૧/૬ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૨૧/૬ | વેનિસા વિનોદ રાઠોડ |
| ૨૨/૬ | સારાહબહેન એફ. ટેલર |
| ૨૨/૬ | યશ સુનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૨૨/૬ | જોની ડિકોસ્ટીન ચૌહાણ |
| ૨૪/૬ | પ્રતિક્ષા નિલેશ પરીખ |
| ૨૭/૬ | ઓનિલ આર્થર પેટ્રિક |
| ૨૯/૬ | ડીક્સન એ. હેરી |
| ૩૦/૬ | સુનંદાબહેન વી. મેકવાન |

## નાણાંકીય અહેવાલ એપ્રિલ -૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૪-૨૨ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૪,૯૫૨-૮૮ |
| | બેંકમાં | ૭,૧૦,૪૭૭-૧૪ |
| એપ્રિલ ૨૦૨૨ ની | આવક | ૧,૫૦,૬૯૦-૦૦ |
| | કુલ | ૮,૬૬,૧૨૦-૦૨ |
| તા. ૩૦-૪-૨૨ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૩,૩૬૬-૮૮ |
| | બેંક | ૩,૮૫,૮૭૮-૧૪ |
| એપ્રિલ ૨૨ ની | જાવક | ૪,૫૬,૮૭૫-૦૦ |
| | કુલ | ૮,૬૬,૧૨૦-૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા.૧-૫-૨૨ શ્રી/શ્રીમતી સામીભાઈ એ ગામડિયા કુટુંબમાં પ્રભુએ 'બેથેલ' નવા ઘરનો આશીર્વાદ આપ્યો. સાણંદ મુકામે આ ઘરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. કુ. શાલીન એસ. ગામડિયાએ પાળક કુટુંબ તથા હાજર સર્વનો આવકાર કર્યો. કુટુંબને અભિનંદન.
- તા. ૧-૫-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી અને પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- આ ભજનસેવામાં શ્રી આલાપભાઈ માસ્ટર અને શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર તથા શ્રી ગૌરવકુમાર અરોરા અને શ્રીમતી મેધાબેન મેકવાન અરોરા યુ.કે. જતા હોવાથી બુકે આપી પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.
- તા. ૭-૫-૨૨ સીઓન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટના પાળકોની પ્રાર્થના મિટીંગ રાખવામાં આવી હતી. રેવ. બિપિન એમ. મેકવાન સાહેબે વચન આપ્યું હતું.
- તા. ૮-૫-૨૨ રવિવારની ભજનસેવામાં માતૃદિનની ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી યાચના એસ. ક્રિશ્ચિયને વચનની સેવા આપી અને શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ સંચાલન કર્યું હતું. બાળકોએ માતાઓને ગુલાબનું ફૂલ આપી સન્માન કર્યું હતું. ચર્ચ તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૧૦-૫-૨૨ બેઉલાહનું અલાયન્સ ચર્ચ મણીનગરમાં યુનાઈટેડ બાઈબલ સોસાયટીની પ્રાર્થના સંગતમાં સ્થાનિક સભ્ય શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન સાથે હાજરી આપી.
- તા. ૧૨-૫-૨૨ અમેરિકાની ગુજરાતી પ્રાર્થના સંગતમાં ઓનલાઈન વચનની સેવા આપી.
- તા. ૧૫-૫-૨૨ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયનના પરિવાર તરફથી દિકરા શૉનના જન્મદિવસ પ્રસંગે સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર. ભજનસેવા બાદ સ્થાનિક પાળક આમેન મેથોડિસ્ટ ચર્ચ, લાંભામાં પ્રભુભોજન પળાવવા માટે ગયા.
- તા. ૨૦-૫-૨૨ શુક્રવાર સાંજે બેબી આન્યા ઓ. પેટ્રીકના જન્મદિવસ પ્રસંગ ખાસ મિટીંગ ચલાવવામાં આવી. કુટુંબ તરફથી સર્વ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૨-૫-૨૨ રવિવારની ભજનસેવામાં મેડિકલ સન્ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીમતી મેરેલીન એન. ચૌહાણે વચનની સેવા આપી હતી. ચર્ચ તરફથી મેડિકલ ક્ષેત્રમાં સેવા આપનાર સર્વનું ગુલાબ ફૂલ આપી સન્માન કરી પ્રાર્થના કરાવવામાં આવી હતી. ભજનસેવાનું સંચાલન કુ. રોમી એ. ક્રિશ્ચિયને કર્યું હતું. મેડિકલ સ્ટાફ તરફથી પાળકનું બુકેથી સન્માન કરવામાં આવ્યું.

આ ભજનસેવામાં શ્રીમતી મેરેલીન નિલય ચૌહાણ પરિવાર તરફથી વર્ષ દરમિયાન મહિલા મંડળ દ્વારા લેવામાં આવતી બાઈબલ ક્વીઝમાં ભાગ લેનાર સર્વ સભ્યોને સુંદર શિલ્ડ આપી ઉત્તેજન આપવામાં આવ્યું હતું. મેરેલીન અને નિલય તથા પરિવારનો પુષ્કળ આભાર. શ્રીમતી શશીબેન એસ. પરમારની સેવાની કદર કરતાં તેમને પણ શિલ્ડ આપવામાં આવ્યો.

આ ભજનસેવા બાદ બ્લડ સુગર અને બી.પી. ચકાસણી તથા વજન કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ભજનસેવામાં જેઓના જન્મદિવસ અને લગ્ન દિવસ હતા તેઓના તરફથી સુંદર નાસ્તો અને ઠંડાપીણાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | લગ્ન દિવસ |
| ૨. | શ્રી નિલેષભાઈ એસ. ક્રિશ્ચિયન | લગ્ન દિવસ |
| ૩. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | લગ્ન દિવસ |
| ૪. | શ્રીમતી અરૂણાબહેન એસ. ગામડિયા | જન્મ દિવસ |
| ૫. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | જન્મ દિવસ |
| ૬. | શ્રી શરદભાઈ જે. માસ્ટર | જન્મ દિવસ |
| ૭. | શ્રીમતી આગ્નેશબેન જે. માસ્ટર | જન્મ દિવસ |
| ૮. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહિલ | જન્મ દિવસ |
| ૯. | બેબી આન્યા ઓ. પેટ્રીક | જન્મ દિવસ |

સર્વનો પુષ્કળ આભાર.

તા. ૨૯-૫-૨૨ રવિવારની ભજનસેવામાં શ્રી જસ્ટીનભાઈ ડી. મેકવાને (પ્રિન્સીપાલ, સંસ્થાન હાઈસ્કૂલ, ડાકોર) વચનની સેવા આપી.

ભજનસેવા બાદ સ્થાનિક ચર્ચના અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે શૈક્ષણિક કારકીર્દિ-માર્ગદર્શન માટે વક્તા સાહેબે સુંદર શિક્ષણ આપ્યું. વક્તા સાહેબનો આભાર.

ભજનસેવામાં ચર્ચ લે-લીડર શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે વક્તા સાહેબની ઓળખાણ આપી બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્થાનિક ચર્ચ તરફથી બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.

## જાહેરાત

● જૂન મહિનામાં એજ્યુકેશન ફંડમાં દાન આપવા માટે સર્વને વિનંતી. ● ગુજરાત રીજીનલ મહિલા મંડળ આયોજીત એઝરાના પુસ્તક આધારિત બાઈબલ ક્વીઝ તા. ૧૯-૮-૨૨ના રોજ આપણી ડિસ્ટ્રીક્ટમાં લેવાશે. ● સ્થાનિક મહિલા મંડળ દ્વારા પણ ઓગસ્ટના પ્રથમ રવિવારે એઝરાના પુસ્તક આધારે બાઈબલ ક્વીઝ લેવાશે. તૈયારી કરશો. ● પવિત્ર રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો. ● શુક્રવારની સંગતમાં હાજરી આપો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજ એસ. શાહ | આ.સ્તુતિ | ૧૦૦૦ |
| ૨. | શ્રી રાજ એસ. શાહ | પુ. ફંડ | ૧૦૦૦ |
| ૩. | શ્રીમતી રૂફીના એચ. ગોહિલ | આ.સ્તુતિ | ૩૦૦૦ |
| ૪. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | પુ. ફંડ | ૪૦૦ |
| ૫. | શ્રી શરદભાઈ-શ્રીમતી હેમલત્તાબેન વાઘેલા | લગ્ન દિવસ | ૨૦૦ |
| ૬. | શ્રીમતી અરૂણાબેન શામીભાઈ ગામડિયા 'બેથેલ' નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે | આ.સ્તુતિ | ૨૦૦૦ |
| ૭. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | ક્વાયર | ૫૦૦ |
| ૮. | શ્રી સુનિલભાઈ કે. મેકવાન | આ.સ્તુતિ | ૧૦૦૦ |
| ૯. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦ |
| ૧૦. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન દિકરી એનીના લગ્ન પ્રસંગે | સન્ડેસ્કૂલ | ૧૦૦૦ |
| ૧૧. | શ્રી શામીભાઈ એ. ગામડિયા નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે | સન્ડેસ્કૂલ | ૫૦૦ |
| ૧૨. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ૧૩. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | શૉન એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૫૦૦ |
| ૧૬. | શ્રી મનોજકુમાર સી. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૧૭. | શ્રી મનોજકુમાર સી. ચૌહાણ | પુ.ફંડ | ૫૦૦ |
| ૧૮. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૩૦૦ |
| ૧૯. | શ્રી શરદભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૨૦. | શ્રીમતી આગ્નેશબેન જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૨૧. | શ્રી રમેશભાઈ એમ. પરમાર દિકરી આન્યાના જન્મદિવસ નિમિત્તે | આ.સ્તુતિ | ૫૦૦ |
| ૨૨. | બેબી આન્યા ઓનિલભાઈ પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ | બર્થડે | ૨૦૦ |
| ૨૪. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહિલ | બર્થડે | ૨૦૦ |
| ૨૫. | સ્વ. જીગ્નેશભાઈ જે. દાસના સ્મરણાર્થે કુટુંબ તરફથી | આ.સ્તુતિ | ૧૦૦૦ |
| ૨૬. | શ્રીમતી એની આકાશ રાઠોડ | બર્થડે | ૫૦૦ |
| ૨૭. | શ્રીમતી નિયંતા કેનેથ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૮. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૯. | શ્રી ડિક્સનભાઈ એ. હેરી | આ.સ્તુતિ | ૫૦૦ |
| ૩૦. | કુ. એનેશા ડી. હેરી | આ.સ્તુતિ | ૫૦૦ |
| ૩૧. | શ્રીમતી રૂફીનાબેન એચ. ગોહેલ | આ.સ્તુતિ | ૩૦૦૦ |
| ૩૨. | શ્રી રાજેશભાઈ - શ્રીમતી સ્મિતાબેન ક્રિશ્ચિયન | લગ્નદિવસ | ૧૦૦૦ |
| ૩૩. | રીયોન ઈમાનુએલ ખ્રિસ્તી | બર્થડે | ૩૦૦ |
| ૩૪. | જેશન જે. ડેવિડ | બર્થડે | ૫૦૦ |